EDII

Gujarat Samachar

September 15, 2020
Page No.01
Of Plus

# કોઈપણ બિઝનેસ સફળ બનાવવા એક હજાર દિવસનું ઈન્વેસ્ટમેન્ટ કરો

## મલ્ટી ટાસ્કિંગ મોમીઝ ગ્રુપ દ્વારા 'બિઝનેસ સર્કલ'ની શરૂઆત કરવામાં આવી

મલ્ટી ટાસ્કિંગ મોમીઝ લેડી ગ્રુપ દ્વારા છેલ્લાં કેટલાય વર્ષથી વિવિધ વિષયો પર ટૉક સિરીઝ યોજાય છે, જેમાં દરેક મહિલાઓના મંતવ્ય લેવાય છે અને એક્સપર્ટ સિરીઝનું આયોજન કરાય છે. આ મલ્ટી ટાસ્કિંગ મોમીઝ ગ્રુપમાં ૪૦૦૦થી વધુ મહિલાઓ જોડાયેલી છે. આ મહિલાઓ પગભર થાય અને કોઈને કોઈ નવા આઈડિયા અને ઈનોવેશન માર્કેટમાં મૂકે તે માટે આ ગ્રુપના ફાઉન્ડર વૈશાલી વૈષ્ણવ દ્વારા 'બિઝનેસ સર્કલ'ની શરૂઆત કરવામાં આવી છે. આ બિઝનેસ સર્કલમાં વીકમાં એક વખત બે એન્ટરપ્રિન્યોર મહિલા પોતાના કામ વિશે વાત કરી અન્ય મહિલાઓને પ્રોત્સાહિત કરશે. બિઝનેસ સર્કલની પહેલી ટૉકમાં ટેબૂ ટોપીક પર કામ કરતી વાઈબ ગૂડની ફાઉન્ડર નિશી જૈન અને વાસ્તુ કન્સલ્ટન્ટ ચરણપ્રીત પાઠકે એન્ટરપ્રિન્યોર બનવા માંગતી મહિલાઓ સાથે પોતાની વાતો શેર કરી.



### હિમ્મત અને આત્મવિશ્વાસ હોય તો અડધી લડાઈ જીતી જવાય છે

દરેક મહિલા કામ અને જવાબદારીનો બોજો લઈને જ ચાલે છે. જરૂરી નથી કે પરિણિત મહિલાઓને જ જવાબદારીનો ભાર છે. કોઈ પણ બિઝનેસ શરૂ કરતા પહેલા એવો વિચાર આવે કે ઘરના લોકો શું કહેશે? મારા વિચારને સ્વીકારશે કે કેમ પરંતુ આવા સમયે દરેક સ્ત્રીમાં હિમ્મત અને આત્મવિશ્વાસ હોય તો તે અડધી લડાઈ પહેલા જ જીતી જાય છે. દરેકે પોતાના ટેલેન્ટને એક્સપ્લોર કરવાની જરૂર છે. - **નિશી જૈન**

### પ્રોડક્ટ પર ધ્યાન રાખો, પૈસા મળી રહેશે



કોઈપણ બિઝનેસ કરો તો નફો કેટલો થયો તેના કરતા પ્રોડક્ટ કેવી છે તેના પર ખાસ ધ્યાન આપો કારણે પૈસા તો મળી જ રહેશે. સારું કામ કરશો તો રિઝલ્ટ તો મળશે જ. ઘણી વખત એવું થાય કે નવો ધંધો શરૂ કરીએ અને થોડાક દિવસો કામ કર્યા પછી સફળતા ન મળી તેવું લાગવા લાગે પરંતુ આ ખોટું છે. કોઈ પણ ધંધો તમારી ધીરજ અને ગંભીરતા માગી લે છે તેને સફળ કરાવવા એક હજાર દિવસનું ઈન્વેસ્ટ કરો.- **ચરણપ્રીત પાઠક**